**ફોજદારી કેસ નંબર–૨૧૧/૨૦૨૨**

સત્યमेव जयते

| | |
|---|---|
| GJJM090002142022 | કેસ દાખલ તા.: ૨૯/૦૧/૨૦૨૨ |
| | કેસ નોંધ્યા તા.: ૨૯/૦૧/૨૦૨૨ |
| | ઠરાવ જાહેર તા.: ૦૧/૦૫/૨૦૨૬ |
| | અવધિ:૦૪ વર્ષ ૦૩ માસ ૦૩ દીવસ |

**જોડીયાના મહેરબાન જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. જોડીયા**

**આંક–**

**ફરીયાદી......** શ્રી સરકાર

**વિરૂદ્ધ**

**આરોપી......** (૧) સહદેવસિંહ સનુભા જાડેજા
ઉ.વ.–૪૮, ધંધો–ખેતી
રહે. પીઠડ ગામ, તા.જોડીયા, જિ.જામનગર

(૨) ક્રિપાલસિંહ સનુભા જાડેજા
ઉ.વ.–૩૪, ધંધો–ખેતી
રહે. પીઠડ ગામ, તા.જોડીયા, જિ.જામનગર

**ગુનો:**–ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬,૩૩૨,૫૦૪,૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબ

| | |
|---|---|
| **ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીઃ** | શ્રી એન.કે.પરમાર |
| **બચાવપક્ષ તરફે વિ. વકિલશ્રીઃ** | શ્રી જે.જે.પરમાર |

**–:: ચુકાદો ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ તારીખ ૨૭/૦૩/૨૦૨૧ના રોજ ક.૧૨/૦૦ વાગ્યાની આસપાસ આ કામના ફરીયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી ફરીયાદીને આરોપી નંબર–૧નાએ ઝાપટ મારેલ અને આરોપી નંબર–૨નાએ લાકડાના બળતણ વડે ઘા મારી તથા મુંઢમાર મારી જાહેરમાં ભુંડાબોલી ગાળો બોલી ડી.એમ.શ્રી, જામનગરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬, ૩૩૨, ૫૦૪, ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ. જે બાબતે જોડીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદીએ ફરીયાદ આપતા તે ગુના રજી. નં. ૧૧૨૦૨૦૨૫૨૧૦૧૨૫/ ૨૦૨૧ થી નોંધી તપાસ કરનાર અમલદારે આ ગુનાની તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, આરોપીઓ સામે પુરતો પુરાવો જણાઈ આવતા આરોપીઓ વિરૂદ્ધ મથાળે દર્શાવેલ ગુના સબબ અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલુ.

(૨) આ કામે આરોપીઓને પ્રોસેસની બજવણી થતા, આરોપીઓ અદાલત સમક્ષ હાજર થયેલ હોય, આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ. આરોપીઓ સામે આંક–૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તેઓની સામે ફરમાવેલ તહોમત અંગે આરોપીઓની આંક–૪ તથા ૫ થી પ્લી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ, જેથી આ કામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

**–: મૌખિક તથા દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ પ્રકાશગીરી લખમણગીરી ગોસાઈની જુબાની | ૮ |
| ૨ | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૯ |
| ૩ | પંચ સાહેદ રાજેશભાઈ કલ્યાણજીભાઈ પીત્રોડાની જુબાની | ૧૦ |
| ૪ | ફરીયાદી વિષદ વીજયભાઈ ભેંસદડીયાની જુબાની | ૧૧ |
| ૫ | અસલ ફરીયાદ | ૧૧–એ |
| ૬ | સાહેદ રવીરાજસિંહ સુખદેવસિંહ જાડેજાની જુબાની | ૨૧ |
| ૭ | સાહેદ પરેશભાઈ અમરાભાઈ ભગોરાની જુબાની | ૨૨ |
| ૮ | સાહેદ ધર્મેન્દ્રભાઈ ભવાનભાઈ ડામોરની જુબાની | ૨૫ |
| ૯ | સાહેદ કેવલભાઈ દિલીપભાઈ મહેતાની જુબાની | ૨૬ |
| ૧૦ | સાહેદ અશ્વિનભાઈ પુજાભાઈ મુંડવાડાની જુબાની | ૩૨ |
| ૧૧ | સાહેદ ડો. ભાવેશભાઈ મુરૂભાઈ ડાંગરની જુબાની | ૩૬ |
| ૧૨ | સારવાર સર્ટીફીકેટ | ૩૭ |
| ૧૩ | સહમતીપત્ર | ૩૮ |
| ૧૪ | સારવારના કાગળો | ૩૯ |
| ૧૫ | ત.ક.અ. રવિરાજસિંહ મહેન્દ્રસિંહ જાડેજાની જુબાની | ૫૧ |
| ૧૬ | ત.ક.અ. પ્રકાશભાઈ દેવરાજભાઈ જરૂની જુબાની | ૫૩ |

આ કામમાં ફરીયાદપક્ષે ઉપરોક્ત પુરાવા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા આંક–૫૪ થી પુરાવો પુરો થયાની પુરશીસ આપી પુરાવો પુરો થયો હોવાનુ જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૪)** ત્યારબાદ ફરિયાદપક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકિકતનો સ્વિકાર કરેલ છે. જ્યારે બાકીના પુછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કાર ભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓએ નિર્દોષ હોવાની રજુઆત કરેલ છે.

**(૫)** ત્યાર બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**(૬)** ઉપરોક્ત હકિકતો તેમજ રજુ થયેલ પુરાવો તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| **(૧)** | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તારીખ ૨૭/૦૩/૨૦૨૧ના રોજ ક.૧૨/૦૦ વાગ્યાની આસપાસ આ કામના ફરીયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી ફરીયાદીને ફડાકો મારી તથા લાકડાના બળતણ વડે ઘા મારી તથા મુંઢમાર મારી જાહેરમાં ભુંડાબોલી ગાળો બોલી એકબીજાની મદદગારી કરી ડી.એમ.શ્રી, જામનગરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬, ૩૩૨, ૫૦૪, ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ? |
| **(૨)** | શું હુકમ |

**(૭)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| **(૧)** | નકારમાં. |
| **(૨)** | આખરી હુકમ મુજબ. |

**–:: કારણો ::–**

**(૮) મુદ્દા નંબર ૧ ::–**

ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર તે મુજબનો ગુન્હો શંકા રહિત પુરવાર કરવો જોઇએ. બચાવપક્ષે ઉલટતપાસ દ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઇએ અને જો કોઇ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઇએ. જો આવા કોઇ વિશેષ પુરાવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવુ માની શકાય નહી. પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઇએ તેવુ કાયદાનું ધોરણ છે.

**(૮.૧)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૯ વાળા બનાવવાળી સ્થાનિક જગ્યાનાં પંચનામાના પંચ સાહેદ પ્રકાશગીરી લખમણગીરી ગોસાઇનાઓને આંક–૮ થી તપાસવામાં આવેલ છે તથા પંચ સાહેદ રાજેશભાઇ કલ્યાણજીભાઇ પીત્રોડાનાઓને આંક–૧૦ થી તપાસવામાં આવેલ છે. જે બંન્ને પંચ સાહેદોએ પોતાની પંચનામામાં સહીઓ ઓળખી બતાવે છે. એ સિવાયની પંચનામાઓની કોઇ હકિકત તેઓ જાણતા નથી. તેઓ દ્વારા પંચનામાની કોઇ હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય વિ.એપીપીશ્રી દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં

પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી.

**(૮.૨)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૧ થી ફરીયાદી વીષદ વીજયભાઇ ભેંસદડીયાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૨૭/૦૩/૨૦૨૧ ના રોજ પીઠડ ગામમાં રસનાળના રસ્તે સહદેવસિંહ સનુભાની વાડીએ બપોરના બાર વાગ્યે બનેલ. તેઓ તથા તેઓના સહકર્મચારી ડી.બી.ડામોર ઇલ.આસીસ્ટન્ટ, શ્રી કે.ડી.મહેતા જુની.આસીસ્ટન્ટ ડીસકનેકશન ડ્રાઇવ અંતર્ગત પીઠડ ગામમાં ગયેલ. આથી ડીસકનેકશન લીસ્ટમાં બચરાજબા સનુભા નામની સામે દર્શાવેલ મો.નં.માં ફોન કરતા આ નંબર સહદેવસિંહ સનુભા જાડેજાનો હોય તેઓએ તેમના બે વીજ કનેકશનના વીજબીલના નાણા બાકીછે તેવુ જણાવેલ આથી તેઓ પીઠડ ગામમાં આવેલ છે. આપના વીજ કનેકશનના નાણા ભરપાઇ કરી જાવ તેવુ જણાતા સહદેવસિંહ સનુભા ઉગ્ર થઇ ભુંડાબોલી ગાળો બોલવા લાગેલા અને કહેવા લાગેલા કે શું રોજે રોજ ફોન કરો છો તેઓને એક પણ બીલ ભરવુ નથી ત્યારબાદ ફોન કપાઇ ગયેલ. ત્યારબાદ થોડા સમય પછી સહદેવસિંહના ફોનમાંથી તેઓના ફોનમાં ફોન આવેલ અને કહેવા લાગેલ કે તેઓના ધરમાં માજીને કોરોના થયેલ છે અને ધરની બહાર હોમ કવોરન્ટાઇનનું બોર્ડ લગાવેલ છે. આથી તેઓ તેમના માજીના હાથથી નાણા અપાવે છે તેવી ધમકી આપેલ અને ત્યારબાદ ફોન કપાઇ ગયેલ. ત્યારબાદ થોડા સમય પછી ફરીથી સહદેવસિંહનો તેઓના પર ફોન આવેલ કે તેઓ રૂપિયા લેવા કેમ ન ગયા તેઓએ તેમને જણાવેલ કે તેઓ ડીકનેકશન લીસ્ટમાં રસનાળ ગામના અન્ય નામો એટેન્ડ કરવા માટે જાય છે આથી પીઠડ ગામમા આવેલ અન્ય ટીમ તેઓનો સંપર્ક કરશે. પરંતુ સહદેવસિંહ દ્વારા રૂપિયા લેવા તેઓ જ આવે તેવુ જણાવેલ અને કહેલ કે તો તેઓને રૂપિયા નથી ભરવા અને કનેકશન કાપી નાખજો. આથી તેઓએ તેમને કહેલ કે તેઓ કનેકશન કાપતા જાય છે.

આથી, તેઓ દ્વારા ધમકી આપવામાં આવેલ કે તેઓ પણ જોવે છે કે કેમ કનેકશન કાપો છો. ત્યારબાદ તેઓ અને પીઠડ ગામના અન્ય બે ઈલે.આસીસ્ટન્ટ શ્રી પી.એ.ભગોરા અને એ.પી. મુદવાડાને બોલાવી સહદેવસિંહની વાડીએ ગયેલ અને મીટરની વીગતની ખરાઈ કરતા હતા ત્યારે સહદેવસિંહ સનુભા જાડેજા અને બીજા એક અન્ય વ્યક્તિ ક્રિપાલસિંહ ત્યાં આવી ગયેલ અને મન ફાવે તેમ ગાળો આપવા લાગેલા અને કહેવા લાગેલા કે, તેઓને કોણે ફોન કરેલ ત્યારે તેઓ દ્વારા તેઓને સમજાવેલ કે તેઓ બીલની રકમનો ભરપાઈ કરી દેશે તો કનેકશન કાપવાનો પ્રશ્ન જ નથી તેમ છતા તેઓ બીલ બાબતે માનેલ નહી. આથી, તેઓ કનેકશન કાપવાની તૈયારી કરતા હતા ત્યારે તેઓ બંન્ને ઉશ્કેરાઈ જઈ સહદેવસિંહે તેઓને ઝાપટ મારેલ અને ક્રિપાલસિંહે તેઓની બાજુમાં પડેલ બળતણના લાકડા વડે મારેલ. આથી તેઓએ બચાવ માટે તેઓનો ડાબો હાથ વચ્ચે નાખતા તેઓને ડાબા હાથમાં ઈજા પહોંચેલ. આથી, સારવાર અર્થે તેઓ જોડીયા આવવા રવાના થયેલ. જોડીયા સી.એચ.સી.ના ડોકટરશ્રીએ તેઓને પ્રાથમિક સારવાર આપી. અને ડાબા હાથની આંગળીમા વધુ ઈજા હોય તેમણે તેઓને વધુ સારવાર માટે જામનગર જી.જી. હોસ્પીટલ ખાતે રીફર કરેલ ત્યાં તેઓને જરૂર મુજબની સારવાર આપેલ અને એકસ–રે પાડેલ અને ડોકટરના જણાવ્યા અનુસાર ડાબા હાથની ટચલી આંગળીમાં મુંઢમાર લાવગવાથી સોજો આવી ગયેલ. આ બનાવ બાબતની પોલીસ ફરીયાદ કરવા તેઓ જોડીયા પો.સ્ટે.માં ગયેલ. તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જેમા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આરોપીને તેઓ જોયે ઓળખે છે જે આજરોજ કોર્ટમાં હાજર છે જેનુ નામ સહદેવસિંહ સનુભા જાડેજા અને બીજાનું નામ ક્રિપાલસિંહ જાડેજા છે. તેઓને બનાવ સમયે ઉપયોગ થયેલ હથીયાર લાકડાનું બળતણ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહી કારણકે લાકડાના ઢગલામાંથી ઉપાડીને તેઓને મારેલ અને એ તો કોઈપણ હોઈ શકે. આ લાકડાનો બળતણ ક્રિપાલસિંહના હાથમાં હતુ. ત્યારબાદ તેઓ

કોલ રેકોર્ડીંગ રજુ કરવા જણાવેલ અને તે સંદર્ભે આંક–૧૪ થી અરજી આપેલ જે તેઓને આગળ ચલાવવી ન હોય પરત ખેંચેલ છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો જણાવેલ છે કે, તેઓ તેઓની કચેરીમા નોકરીમાં હાજર થઇને હાજરી રજીસ્ટરમાં તેઓને સહી કરવાની હોય છે, બનાવના દિવસે તેઓ સવારના ૧૦:૩૦ વાગ્યે સરકારી વાહન બોલેરોમાં નીકળેલા, સરકારી વાહનની લોગ બુક રાખવામા આવતી હોય છે અને જયા જઈએ તેની તેમા નોંધ કરવામા આવતી હોય છે, તેઓ આમરણ સબ સ્ટેશનથી સીધા પીઠડ ગામે ગયેલા, બનાવવાળી જગ્યાની આજુબાજુ ખેતીની અન્ય જમીનો આવેલ છે અને પીઠડ તથા રસનાળ ગામનો રસ્તો આવેલો છે, સામાન્ય રીતે પીઠડ રસનાળ ના રસ્તા ઉપર માણસો અવરજવર કરતા હોય છે, જયારે કોઈપણ વ્યકિતને ખેતીલાયક કનેકશન આપવામા આવે ત્યારે ખેતીની જમીનના તથા માલીકીના દસ્તાવેજોની ચકાસણી કરી કનેકશન આપવામા આવતુ હોય છે, વીજ કનેકશન આપ્યા પછી તેને ગ્રાહક નંબર પણ આપવામાં આવે છે, આ તમામ રેકર્ડ અમારી ઓફીસમા ઉપલબ્ધ હોય છે, કોઈપણ વ્યકિતના બે કનેકશન હોય તો તે બન્નેના ગ્રાહક નંબર અલગ અલગ હોય છે, બનાવ જે જગ્યાએ બનેલ તે જગ્યાના વીજ કનેકશનના માલીકનો ગ્રાહક નંબર લખેલ નથી કે માલિકી બાબતના કોઈ પુરાવા બાબતે તેઓની ફરીયાદમા જણાવેલ નથી, બીલની કેટલી રકમ બાકી હતી તેની હકીકત પણ તેઓની ફરીયાદમાં જણાવેલ નથી, બઈરાજબા બે વીજ કનેકશન ધરાવે છે, આ બન્ને વીજ કનેકશન અલગ અલગ જમીનમા આપવામાં આવેલ છે, તેઓએ તેઓની સરતપાસમા જણાવેલ છે કે " ત્યારબાદ થોડા સમય પછી સહદેવસિંહના ફોનમાથી મને ફોન આવેલ અને કહેવા લાગેલ કે અમારા ઘરમા માજીને કોરોના થયેલ છે અને ઘરની બહાર હોમકોરન્ટાઈનનું બોર્ડ લગાવેલ છે આથી હું તમને મારા માજીના હાથે બીલના નાણા અપાવુ છુ તેવી ધમકી આપેલ અને ત્યારબાદ ફોન કપાઈ ગયેલ. ત્યારબાદ થોડા સમય પછી ફરીથી

સહદેવસિંહનો મારા પર ફોન આવેલ તમે રૂપીયા લેવા કેમ ન આવ્યા આથી મેં તેમને જણાવેલ કે અમે ડીશકનેકશન લીસ્ટમા રસનાળ ગામના અન્ય નામો એટેન્ડ કરવા માટે જઈએ છીએ આથી પીઠડ ગામમાં આવેલ અન્ય ટીમ આપનો સંપર્ક કરશે. પરંતુ સહદેવસિંહ દ્વારા રૂપીયા લેવા તમો જ આવો તેવુ જણાવેલ ". આવી હકીકત તેઓએ તેઓની ફરીયાદમા લખાવેલ નથી, તેઓ કયા ગ્રાહક નંબરવાળુ વીજ કનેકશન કાપવા ગયેલ તેની કોઈ હકીકત તેઓની ફરીયાદમા લખાવેલ નથી, સાહેદ જણાવે છે કે બન્ને કનેકશનના નાણા બાકી હતા જેથી બન્ને કાપવાના હતા, હાલના બનાવ બાબતે નામદાર અદાલતમાં કોઈ લેખીત ફરીયાદ આપેલ નથી, બનાવ બાદ તેઓજોડીયા હોસ્પીટલે આશરે ૨ થી ૩ વાગ્યા વચ્ચે પહોંચેલા, ત્યારબાદ તેઓને રીફર કરતા તેઓ જામનગર જી.જી. હોસ્પીટલ ખાતે ગયેલા, ત્યારબાદ તેઓ જોડીયા પોલીસ સ્ટેશને ફરીયાદ લખાવવા ગયેલા ફરીયાદ લખાવવા માટે તેઓ તથા તેઓની સાથે ડેપ્યુટી ઈજનેર તથા તેઓની સાથે ડ્રાઇવમાં આવેલ સ્ટાફ ગયેલા, આ ફરીયાદ તેઓએ લખાવેલી. આ સિવાયની બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

(૮.૩) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૧ થી સાહેદ રવીરાજસિંહ સુખદેવસિંહ જાડેજાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ કેટલા સમય પહેલા બનેલ તે તેઓને યાદ નથી. ભેસદડીયા સાહેબે તેઓને જણાવેલ કે માથાકુટ થયેલ છે જેથી તેઓ ડ્રાઇવર તરીકે હોય પીઠડ પાસે આવેલ વાડીમાં ગયેલ. તેઓની સાથે ગાડીમાં હેલ્પર ડી.બી.ડામોર અને બીજાનું નામ તેઓને યાદ નથી તે હતા. બનાવમાં પીઠડવાળા સહદેવસિંહના લાઇટબીલના પૈસા બાકી હોય જે બાબતે મગજમારી થયેલી. ત્યારબાદ તેઓ પોલીસ સ્ટેશને આવેલા અને ભેસદડીયા સાહેબે કેસ લખાવેલો. આ સિવાય કશું બનેલ નહી. સહદેવસિંહ કોર્ટમાં હાજર હોઇ ઓળખી બતાવે છે. ત્યારબાદ

સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય વિ.એપીપીશ્રી દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, પોલીસે કોઇ દિવસ તેઓનું નિવેદન લીધેલ નથી તેઓને ફોન આવેલ કહેલ કે તમારે કોર્ટમાં આવવાનું છે જેથી તેઓ કોર્ટમાં આવેલ છે, તેઓને ચીફમાં જણાવેલ બનાવ અંગેની અંગત જાત માહીતી નથી.

(૮.૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૨ થી સાહેદ પરેશભાઇ અમરાભાઇ ભગોરાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ બે અઢી વર્ષ પહેલા કોરોનાકાળમાં બનેલો. બનાવમાં લાઇટબીલ બાકી હતુ તેથી તેઓ તથા ભેસદડીયા સાહેબ અને બીજા અન્ય સ્ટાફના માણસો સહદેવસિંહની વાડીએ ગયેલા. તેઓ બનાવ સ્થળથી દુર હતા અને ત્યાં શું ચર્ચા થયેલી તેની તેઓને જાણ નથી. સહદેવસિંહ કોર્ટમાં હાજર હોઇ ઓળખી બતાવે છે. બનાવ બાબતની પોલીસે તેઓની વાડીએ આવીને પુછપરછ કરેલી. ત્યારબાદ સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય વિ.એપીપીશ્રી દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકત જણાવેલ છે કે, તેઓ દશ ધોરણ ભણેલ છે અને તેઓને લખતા વાંચતા આવડે છે, તેઓનું નિવેદન ક્યા પોલીસ કર્મચારીએ લીધુ તેની

તેઓને જાણ નથી, તેઓનું નિવેદન કઇ તારીખે લીધેલુ તેની પણ તેઓને જાણ નથી, બનાવ અંગેની તેઓને અંગત જાત માહીતી નથી. આ સિવાયની બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો તેઓએ ઇન્કાર કરેલ છે.

**(૮.૫)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૫ થી સાહેદ ધર્મેન્દ્રભાઇ ભવાનભાઇ ડામોરનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ પી.જી.વી.સી.એલ. માં આસી. લાઇનમેન તરીકે ફરજ બજાવે છે. આજે તેઓ કોર્ટ તરફથી મળેલ સમન્સ આધારે જુબાની આપવા આવેલ છે. આ જુબાની સહદેવસિંહ તથા ક્રિપાલસિંહ જાડેજાઓના લાઇટની ડીસકનેક્શન બાબતે જુબાની આપવા આવેલ છે. તારીખ ૨૭/૦૩/૨૦૨૧ના રોજ તેઓ પીઠડ હતા ત્યારે બનાવ બનેલ છે. તારીખ ૨૭/૦૩/૨૦૨૧ના રોજ તેઓ આમરણ મુકામે તેઓની ફરજ પર હતા ત્યારે તેઓના ઉપરી અધિકારી વીશાદભાઇ ભેંસદડીયાઓનો સવારના ૮:૦૦ વાગ્યાની આસપાસ ફોન આવેલ અને ડીસકનેક્શન માટે પીછડ ગામ જવાનું છે તેવુ કહેલ. આ ફોન આવેલ ત્યારે તેઓ ઘરે હતા અને પછી તેઓ આમરણ મુકામેની પી.જી.વી.સી.એલ. ની ઓફીસમાં ગયેલ. ઓફીસથી ૧૦:૦૦ થી ૧૦:૩૦ વાગ્યાની આસપાસ તેઓ ગાડી લઇને પીઠડ ગામ જવા નીકળેલા. આ ગાડી બોલેરો મોડલ હતુ અને વાહનનો નંબર તેઓને ખબર નથી. આ ગાડીમાં તેઓ કુલ ત્રણ જણા હતા. જેમાં તેઓ અને કેવલ મહેતા અને વીશાદભાઇ ભેંસદડીયા હતા અને તેઓની ગાડી તેના ડ્રાઇવર રવિરાજસિંહ જેનું આખુ નામ તેઓને ખબર નથી તે રીતના હતા. આ ગાડી લઇને તેઓ પીઠડ ગામ ગયેલા. આમરણની ઓફીસથી પીઠડ ગામ વચ્ચે તેઓ ક્યાંય રોકાયેલા નહી. પીઠડ ગામે તેઓ ૧૧:૩૦ થી ૧૨:૦૦ વાગ્યાની આસપાસ પહોંચેલા. પીઠડ ગામે જઇને જે ગ્રાહકોના વિજળીના બીલ બાકી હતા તેઓને બીલ ઉપર જણાવેલ નંબર પર ફોન કરેલા. આ તમામને ફોન કરીને કહેતા હતા કે તમારૂ

બીલ જેની બાકી છે તે ભરી જાઓ. આ દરમ્યાન સહદેવસિંહનાઓના બીલની રકમ બાબતે તેઓને બીલમાં જણાવેલ નંબર પર ફોન કરેલો. આ બીલ સહદેવસિંહના નામનું ન હતુ પરંતુ સહદેવસિંહના બાના નામનું જે જયરાજબા ના નામનું હતુ પરંતુ ફોન નંબર સહદેવસિંહનો હતો. ફોન કરીને તેઓએ બીલની બાકી નીકળતી રકમ ભરવાનું કહેલુ. આ ફોન તેઓના સાહેબ વીશાદભાઈએ કરેલો અને સામેથી સહદેવસિંહે જણાવેલ કે શું તમે રોજરોજ ફોન કરો છો બીલના નાણા નથી ભરવા આવી હકિતલ સહદેવસિંહે જણાવેલ છે તેવુ તેઓના સાહેબે તેઓને કીધેલુ. ત્યારબાદ તેઓ ત્રણેય આ સહદેવસિંહની વાડીએ વીજળીનું કનેક્શન કાપવા ગયેલા. તેઓ જ્યાં ઉભા હતા ત્યાંથી સહદેવસિંહની વાડી અડધો કી.મી. દુર હતી. વાડીએ પહોંચી તેઓના સાહેબ વીશાદભાઈ મીટરની વિગતો લેતા હતા ત્યારે આ સહદેવસિંહ ત્યાં આવી ગયેલ અને ત્યાં વીશાદભાઈ અને સહદેવસિંહની કોઈ વાતચીત થયેલી. તે સમયે તેઓ એટલે કે તેઓ તથા કેવલ મહેતા થોડા દુર ઉભા હતા. અચાનક વિશાદભાઈ અને સહદેવસિંહ સામસામા આવી ગ્યા અને લાફટ–જાપટ થઈ. આ લાફટ–જાફટમાં સહદેવસિંહ બાપુએ વીશાદભાઈને બે લાફા મારી દીધેલા. આ સમયે ક્રિપાલસિંહ પણ હાજર હતા અને બાજુમાં બળતણનું લાકડુ હતુ તે લઈ વીશાદભાઈને હાથમાં મારી દીધેલુ. ત્યારે વીશાદભાઈ હાથ બચાવવા જતા તે લાકડુ તેમની આંગળીમાં વાગી ગયેલુ અને આંગળીમાં ઈજા થયેલી. આ સિવાય બીજુ કાંઈ બનેલ નહી. આ સમયે તેઓએ આ બધાને છુટા પાડેલા અને જોડીયા આવેલા. જોડીયામાં આવીને સૌપ્રથમ હોસ્પિટલે ગયેલા. ત્યાં વીશાદભાઈની લઈજાની સારવાર કરાવેલી અને ત્યાંથી વધુ સારવાર માટે જી.જી.હોસ્પિટલ, જામનગર મોકલેલા. ત્યારબાદ તેઓ જોડીયા પોલીસ સ્ટેશનમાં આવેલા. જોડીયા પોલીસ સ્ટેશનમાં તેઓના સાહેબે સહદેવસિંહ તથા ક્રિપાલસિંહની વિરૂદ્ધમાં કેસ લખાવેલો. ફરીયાદ લખાવ્યા બાદ ત્યાંજ બનાવ બાબતે તેઓની પાસે પુછપરછ કરી લીધેલ. પોલીસે તેઓને બોલાવી નિવેદન લીધેલ હોય તેવુ બનેલ નહી. તારીખ ૨૮/૦૩/૨૦૨૧ના રોજ પોલીસે તેઓને બોલાવી નિવેદન લીધેલ હોય તેવુ

બનેલ નથી. તેઓ આરોપીઓને ઓળખે છે. સહદેવસિંહે કાળા કલરનું જાકીટ પહેરેલ છે અને ક્રિપાલસિંહે રાખોડી કલરનું જાકીટ પહેરેલ છે તે છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, સવારે તેઓની ઉપર વીશાદભાઇનો ફોન આવેલો તેવી હકિકત તેઓએ તેઓના નિવેદનમાં જણાવેલ નથી, ખેતીના વીજ કનેક્શન હોય કે ઘરના વીજ કનેક્શન હોય તેનો ગ્રાહક નંબર હોય છે, બનાવવાળી જગ્યાની આજુબાજુ ઘણા બધા ખેતીની જમીન આવેલી હોય છે અને લોકોની અવર જવર હોય છે, પીઠડ મોટુ ગામ છે અને સરકારી દવાખાનું પણ છે, સહદેવસિંહ કે ક્રિપાલસિંહના નામનું કોઇ કનેક્શન હતુ નહી, જોડીયા હોસ્પિટલ જતાં પહેલાં જોડીયા પોલીસ સ્ટેશન આવેલ છે. વધુમાં સદર સાહેદે ઉલટતપાસમાં જણાવેલ છે કે તેઓ જામનગરથી સાંજના ૦૭:૦૦ વાગ્યે પરત ફરેલા, ફરીયાદ લખાવ્યાના બીજા દિવસે જોડીયા પોલીસ સ્ટેશનના માણસોએ તેઓને સહદેવસિંહની વાડીએ બોલાવેલા, સહદેવસિંહની વાડીની ઉત્તરમાં રસ્તો છે, દક્ષિણ બાજુ પીઠડ ગામ આવેલ છે, પશ્ચિમ દિશામાં પડતર જમીન છે અને પુર્વ દિશામાં ખેતર આવેલ છે. – આ સિવાયની બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો તેઓએ ઇન્કાર કરેલ છે.

**(૮.૬)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૬ થી સાહેદ કેવલભાઇ દિલીપભાઇ મહેતાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ પી.જી.વી.સી.એલ. માં જુનિયર આસીસ્ટન્ટ તરીકે જામનગર ખાતે નોકરી કરે છે અને ૨૦૨૧માં આમરણ મુકામે નોકરી કરતા હતા. આજરોજ તેઓને કોર્ટમાં સહદેવસિંહ તથા ક્રિપાલસિંહના કેસ બાબતે જુબાની આપવા બોલાવેલ છે. તારીખ ૨૭/૦૩/૨૦૨૧ના રોજ તેઓ આમરણ મુકામેની ઓફીસે હાજર થયેલ ત્યારે તેઓને ડીસકનેક્શન ડ્રાઇવમાં જવા માટે તેઓના

ઉપરી અધિકારી વિશાદભાઇએ જણાવેલુ. આ ડ્રાઇવ માટે પીઠડ  ગામે જવાનું હતુ તેમ જણાવેલ. તે દિવસે સવારના લગભગ ૧૦:૧૫ થી ૧૦:૩૦ વાગ્યાની આસપાસ તેઓની કંપનીની બોલેરો ગાડીમાં જેનો રજી.નં.૮૧૯૮ છે તેમાં તેઓ કુલ ૦૪ જણા જેમાં તેઓ, વીશાદભાઇ ભેસદડીયા, ધર્મેન્દ્રભાઈ ડામોર અને રવિરાજસિંહ તે રીતનાં પીઠડ જવા નીકળેલ પીઠડ ગામે તેઓ ૧૧:૦૦ થી ૧૧:૧૫ વાગ્યાની આસપાસ પહોંચેલા. પીઠડ ગામે પહોંચી તેઓની સાથે લાવેલ મેમો જેમાં જે ગ્રાહકોએ વીજળીના નાણા ન ભર્યા હોય તેનાં બીલ તથા ફોન નંબર હતા તેમની પર વીશાદભાઇ ફોન કરીને બાકીના નિકળતી રકમ ભરી જવા જણાવતા હતા. આ ગ્રાહકો પૈકી એક વીજ કનેક્શન બૈરાજબા સનુભા જાડેજાનું હતુ. તેમના મેમોમાં ફોન નંબર હતો તેમના પર વીશાદભાઈએ ફોન કરેલો. આ નંબર સહદેવસિંહનો હતો. તેઓના સાહેબ વીશાદભાઇએ આ સહદેવસિંહને જણાવલ કે તેઓસ પીઠડ ગામે આવેલ છે અને તમારા વીજબીલનાં નાણાં ભરવાનાં બાકી નીકળે છે તે આવીને ભરી જાવ. જેથઈ સહદેવસિંહ ઉશ્કેરાઇ ગયેલ કે, તમે રોજરોજ ફોન કરીને જાણ ન કરો. અમારે પૈસા ભરવાના નથી તમારે વીજ કનેક્શન કાપવુ હોય તો કાપી નાખો. જેથી વીશાદભાઇએ તેઓના પીઠડ ગામના ઇલે. આસી. ને ફોન કરીને સહદેવસિંહની વાડીનું સરનામું મેળવ્યુ અને તેઓ તેમની વાડીએ વીજ કનેક્શન કાપવા માટે ગયેલા. સહદેવસિંહની વાડીએ પહોંચી વીશાદભાઇ મીટરની વિગતો લેતા હતા ત્યારે સહદેવસિંહ તથા ક્રિપાલસિંહ ત્યાં પહોંચી ગયેલા. ત્યાં પહોંચીને આ બન્નેએ વીજ કનેક્શન કાપવાની ના પાડી. જેથી વીશાદભાઇએ તેઓને જણાવેલ કે જો તમે પૈસા ભરી દો તો અમારે વીજ કનેક્શન કાપવાની કોઇજ જરૂરત નથી. આથી સહદેવસિંહે પૈસા ભરવાની ના પાડેલ અને વીશાદભાઇ વીજ કનેક્શન કાપવા જતા સહદેવસિંહે ઉશ્કેરાઇ જઇ વિશાદભાઇને લાફો મારી દીધેલો અને સહદેવસિંહની સાથે આવેલ ક્રિપાલસિંહે બળતણનું લાકડું ઉઠાવી વિશાદભાઇને મારવા જતાં વિશાદભાઇએ બચાવ માટે પોતાનો હાથ આગળ કરતાં તેમની આંગળીમાં ઇજા થયેલી. આ દરમ્યાન સહદેવસિંહ કે ક્રિપાલસિંહ તેઓને કે, તેઓના

સાથીઓને કે વિશાદભાઇને બીજુ કંઇ બોલતા હોય તેવુ બનેલ નથી. વિશાદભાઇને ઇજા થતા ત્યાંથી નીકળીને જોડીયા સરકારી દવાખાને આવેલા. જ્યાં વીશાદભાઇની ઇજાની પ્રાથમિક સારવાર કરી વધુ સારવાર માટે જી.જી.હોસ્પિટલ જામનગરમાં ગયેલા અને ત્યાં તેઓ સારવાર કરાવેલી અને ત્યાંથી પરત તેઓ જોડીયા પોલીસ સ્ટેશનમાં આવેલા. જોડીયા પોલીસ સ્ટેશને વિશાદભાઇએ તેઓની સાથે બનેલ બનાવની જાણ કરી. આરોપીઓ સહદેવસિંહ તથા ક્રિપાલસિંહ વિરૂદ્ધ ફરીયાદ આપેલી. વીશાદભાઇની ફરીયાદ નોંધ્યા બાદ તેઓની પુછપરછ કરી પોલીસ સ્ટેશનમાં જ નિવેદન નોંધેલુ. તેઓ જ્યારે વીજગ્રાહકોને ફોન કરતા હતા ત્યારે સહદેવસિંહને ફોન કરેલ ત્યારે ઉશ્કેરાઇ જઇને વીશાદભાઇને ભુંડી–ભુંડી ગાળો આપેલ તે હકિકત લખાવવાની રહી ગયેલ હોય તે હવે લખાવે છે. આરોપીઓને ઓળખે છે જે આજરોજ અદાલતમાં હાજર છે. જેમાં કાળુ જેકેટ પહેરેલ ઇસમ સહદેવસિંહ છે અને તેની સાથે રાખોડી કલરનું જેકેટ પહેરેલ છે તે ક્રિપાલસિંહ છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, ખેતીનું વીજ કનેક્શન હોય તો રેવન્યુ સર્વે નંબર હોય અને ગ્રાહક નંબર હોય  તે જ રીતે રહેણાંક કનેક્શન હોય તો ગ્રાહક નંબર હોય, તેઓએ પોતાના નિવેદનમાં ગ્રાહક નંબર કે રેવન્યુ સર્વે નંબર દર્શાવેલ નથી, તેઓ જે મેમોની હકિકત જણાવે છે તે પોતાના નિવેદનમાં લખાવેલ નથી, બનાવવાળી જગ્યાની આજુબાજુ અન્ય ખેતીની જમીનો આવેલી છે અને ત્યાં માણસોની અવર જવર હોય છે, વિશાદભાઇ બનાવ સમયે જુનિયર એન્જીનિયર હતા, વીજ કનેક્શન કાપવાનું કામ હેલ્પરનું છે, સહદેવસિંહ કે ક્રિપાલસિંહ તેઓની કંપનીના ગ્રાહક નથી અને તેમની કોઇ બાકી નીકળતી રકમ પણ નથી, સહદેવસિંહ તથા ક્રિપાલસિંહને અગાઉ મળેલ નથી. આ સિવાયની બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો તેઓએ ઇન્કાર કરેલ છે.

(૮.૭) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૨ થી સાહેદ અશ્વીનભાઈ પુજાભાઈ મુંડવાડાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ૨૭/૦૩/૨૦૨૧ ના રોજ બનેલો. ત્યારે તેઓ પોતાના ઘરે હતા અને તેઓના સાહેબ વિષાદભાઈ વીજયભાઈ ભેસદડીયાનો ફોન આવેલ અને જણાવેલ કે, પીજીવીસીએલ વિભાગ દ્વારા એક ડીસકનેકશન ડ્રાયવનુ આયોજન કરેલ હોય જેથી તારીખ ૨૭/૦૩/૨૧ ના રોજ સવારના સાડા દશેક વાગ્યે રવીરાજસિહ સુખદેવસિંહ જાડેજા સાથે બોલેરો ગાડી જેના નંબર જી.જે.૩૬.ટી–૮૧૯૮ લઈ તેઓ નીકળેલા. આમરણ સબ ડીવીઝનથી કે.ડી. મહેતા તથા વી.વી.ભેસદડીયા તથા સ્ટાફના માણસો સાથે નીકળેલા હતા ત્યારે પીઠડ ગામમાં રહેતા બચરાજબા સનુભા જાડેજાનુ વીજબીલ બાકી હોય જેથી તેઓના સાહેબે તેને ફોન નંબર ઉપર વીજ બીલ ભરી જવા જણાવેલુ જેથી ફોન કરેલ ત્યારે સહદેવસિંહ સનુભાએ ફોન ઉપાડેલ અને તેઓના સાહેબે જણાવેલ કે તમારુ લાઈટ બીલ બાકી છે અમો પીઠડ ગામે આવ્યા છીએ તમો આવીને લાઈટ બીલ ભરી જાવ. જેથી સહદેવસિંહ ઉશ્કેરાઈ ગયેલ અને ગાળો બોલવા લાગેલ અને કહેલ કે, અમારુ કનેકશન કાપી જવુ હોય તો કાપી જાવ. ત્યારબાદ તેઓના સાહેબે ફોન કાપી નાખેલ અને તેઓ રસનાળ ગામના રસ્તે આવેલ વાડીએ ગયેલ અને સાહેબ મીટરની ડીટેઈલ લખતા હતા ત્યારે મારામારી થયેલ. ત્યારે સહદેવભાઈ અને ક્રિપાલસિહે વિષાદભાઈને મારેલ અને ક્રિપાલસિહે ત્યા બાજુમા પડેલ બળતણનુ લાકડું ઉપાડી વિષાદભાઈને માર મારેલ જેથી વિષાદભાઈને ડાબા હાથની આંગળીમા ઈજા અને સોજો આવેલ. જેથી તેઓ બધા સાથેના કર્મચારીઓએ વધુ ઝઘડો થતા અટકાવેલ. તેઓ બધા પ્રથમ વિષાદભાઈને સારવાર લેવા માટે જોડીયા ગયેલા ત્યા જોડીયા હોસ્પીટલમા પ્રાથમીક સારવાર આપેલ અને ત્યાના હાજર પરના સાહેબે જામનગર જી.જી.હોસ્પીટલમા જવાનુ કહેતા તેઓ જામનગર જી.જી. હોસ્પીટલ ખાતે ગયેલ હતા. ઉપરોકત બનાવની ફરીયાદ

ભેંસદડીયા સાહેબે આપેલી અને પોલીસે તેઓનો જવાબ લીધેલો. આરોપીઓને જોયે ઓળખી શકે આજરોજ કોર્ટમા હાજર નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, આ બનાવ વખતે તેઓ પોતાના ઘેર હતો, તેમને સવારે સાડા દશની આસપાસ ફોન આવેલો, આ કહેવાતા બનાવ બાબતે તેમને સાડા દશે ફોન આવેલો ત્યારે આ તમામ હકીકત તેઓના સાહેબે તેમને જણાવેલ. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે પોલીસે તેઓનું નીવેદન બીજા દિવસે લીધેલુ. આ સિવાયની બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

(૮.૮) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૬ થી સાહેદ ડો. ભાવેશભાઇ મુરૂભાઇ ડાંગરનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તારીખ ૨૭/૦૩/૨૦૨૧ ના રોજ તેઓની ફરજ પર સી.એચ.સી.જોડીયા ખાતે હાજર હતા ત્યારે આશરે બપોરના એક વાગ્યે વિષદ વીજયભાઈ ભેસદડીયા રહે. આમરણ તા.મોરબી વાળા ઈમરજન્સીમા સારવાર માટે તેઓની પાસે આવેલા હતા. દર્દીને તપાસતા તેના ડાબા હાથની નાની આંગળીમા દુખાવો અને સોજો હતો અને તેને હીસ્ટ્રી બાબતે પુછતા સવારના આશરે બાર વાગ્યે તે જ દીવસે પીઠડ ગામે સહદેવસીહ જાડેજા અને અજાણ્યા ઈસમે લાકડી વડે તેના હુમલો કરેલો હતો. દદર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ જોવામા આવેલ.(૧) ડાબા હાથની નાની આંગળીમા સોજો હતો. દર્દીને તપાસતા તેમના વાયટલ્સ નોર્મલ હતા. દર્દીને એકસ રે ની જરુરીયાત હોવાથી જામનગર સીવીલ હોસ્પીટલમા રીફર કરેલા. દર્દીને તેઓએ સારવારમાં ઈન્જેકશન અને દવાઓ આપેલ. દર્દીને સારવાર સર્ટી.આપેલુ જેના એમ.એલ.સી.નંબર ૫૨/૨૦૨૧ તારીખ ૨૭/૦૩/૨૦૨૧ ના રોજનુ તેમને બતાવવામા આવે છે જેમા નીચે તેઓની સહી જે આંક–૩૭ થી રજુ કરે

છે તથા જોડીયા હોસ્પીટલનુ સીલ છે તથા દર્દી સંપુર્ણ હાલતમા હોય તેનુ સહમતીપત્ર તેમા દર્દીની તથા તેઓની સહી છે. જે આંક–૩૮ થી રજુ કરે છે. દર્દીને આપેલ સારવારના કાગળ લાવેલ છે જેમાં નીચે તેઓની સહી છે. જે આંક–૩૯ થી રજુ કરે છે. તેઓના અભીપ્રાય મુજબ દર્દીને થયેલ ઈજા કઠણ અને બોથડ પદાર્થ વાગવાથી થઈ શકે તેવી અને સામાન્ય પ્રકારની ઈજા હતી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, તેઓએ જણાવેલ ઈજા કોઈપણ કારણોથી થઇ શકે અને વ્યક્તિને પડી જાય તો પણ થઈ શકે.

(૮.૯) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૫૧ થી ત.ક.અ. રવિરાજસિંહ મહેન્દ્રસિંહ જાડેજાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૧ માં એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ગઈ તા:–૨૭/૦૩/૨૦૨૧ ના રોજ પી. એસ. ઓ પી.ડી. જરૂ નાઓએ તેઓના રૂબરૂમાં ફરીયાદી વીસદભાઈ વિજયભાઈ ભેંસદડીયા, રહે. આમરણ, તા.જી. મોરબી વાળાઓની ઈ.પી.કો કલમ ૧૮૬,૩૩૨,૫૦૪,૧૧૪ તથા જી. પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબની ફરીયાદ રજીસ્ટરે લઈ આગળની તપાસ તેઓ તરફ ડેપ્યુટ કરતા તેઓએ બનાવ વાળી જગ્યાનું પંચનામું, આરોપી સહદેવસિંહ સનુભા જાડેજાને અટક કરેલ તે તેમજ ગુન્હા ને લગતા સાહેદોના નિવેદનો લઈ આગળની તપાસ માટે પો.હેડ કો. પી. ડી. જરૂનાઓને સોંપેલ. તેમને નામ. કોર્ટ રેકર્ડમાંથી આંક:–૯ વાળુ બનાવવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને તેઓ કહે છે કે તે બે પંચોની હાજરીમાં કરેલ છે અને તેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આરોપીઓને તેઓ ઓળખે છે જે આજરોજ નામ. કોર્ટમાં હાજર નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ ખેતીની જમીનો આવેલ છે અને ત્યાં ઘણા બધા માણસો ખેતીકામ કરતા હોય, બનાવવાળી જગ્યાએ રસનાળથી પીઠડનો ગાડામારગ આવેલ છે અને ત્યાં પણ માણસોની અવર જવર રહેતી હોય છે, તેઓએ પોતાની તપાસ દરમ્યાન જે સાહેદોના નિવેદનો લીધેલ છે તે તમામ પી.જી.વી.સી.એલ. ના કર્મચારીઓ છે, ફરીયાદી પણ પી.જી.વી.સી.એલ. ના કર્મચારી છે, પી.જી.વી.સી.એલ. કર્મચારી સિવાય કોઇ સ્વંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આ સિવાયની બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો તેઓએ ઇન્કાર કરેલ છે.

**(૮.૧૦)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–પ૩ થી ત.ક.અ. પ્રકાશભાઇ દેવરાજભાઇ જરૂનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૧માં હેડ.કો. તરીકે ફરજ બજાવતા હતા તે દરમીયાન ગઇ તા.૨૭/૦૩/૨૦૨૧ ના રોજ તેઓએ ફરીયાદી વીસદભાઇ વિજયભાઇ ભેંસદડીયા, રહે. આમરણ, તા.જી.મોરબી વાળાઓની ઇ.પી.કો. કલમ ૧૮૬,૩૩૨,૫૦૪,૧૧૪ તથા જી.પી. એકટની કલમ ૧૩૫(૧) મુજબની ફરયાદ રજીસ્ટરે લઇ જે આંક–૧૧–એ વાળી ફરીયાદ તેઓને બતાવવામાં આવે છે જેમાં ફરીયાદીની સહી છે અને રૂબરૂ તરીકે તેઓની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. સદર ગુનાના કામે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આ કામના આરોપીઓને તેઓ જોયેથી ઓળખે છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, ચાર્જશીટ કર્યા સિવાય તેઓએ કોઇ કાર્યવાહી

કરેલ નથી. આ સિવાયની બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

(૯) ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી વિરૂદ્ધ જે આક્ષેપ છે તે બાબતે કાયદાકિય જોગવાઈ જોવામાં આવે તો,

**ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૬ – જાહેર કાર્યો બજાવવામાં રાજ્ય સેવકને અડચણ કરવા બાબતઃ–**

જે કોઈ વ્યક્તિ, કોઈ રાજ્ય સેવકને તેના જાહેર કાર્યો બજાવવા સ્વેચ્છાપૂર્વક અડચણ કરે તેને ત્રણ મહિના સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૩૩૨ – રાજ્ય સેવકને પોતાની ફરજ બજાવતાં રોકવા માટે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત :–**

જે કોઈ વ્યક્તિ, કોઈ રાજ્ય સેવકને એવી હેસિયતથી તે પોતાની ફરજ બજાવતો હોય ત્યારે અથવા તે રાજ્ય સેવકને કે અન્ય કોઈ રાજ્ય સેવકને એવી હેસિયતથી પોતાની ફરજ બજાવતા અટકાવવાના કે રોકવાના ઈરાદાથી અથવા તેણે એવા રાજ્ય સેવકની હેસિયતથી પોતાની કાયદેસરની ફરજ બજાવતા કંઈ કૃત્ય કર્યું હોય કે કરવાની કોશિશ કરી હોય તેના પરિણામે એવા રાજ્ય સેવકને સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે, તેને ત્રણ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ – સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવા બાબત :–**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે એવા ઈરાદાથી અથવા કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે એવો સંભવ હોવાનું જાણવા છતાં, જે કોઈ વ્યક્તિ, ઈરાદાપૂર્વક બીજી કોઈ વ્યક્તિનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે, તેને બે વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૧૧૪ - ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરીઃ-**

પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણાના પરિણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઇ વ્યક્તિ શિક્ષાને પાત્ર થાય એવુ કૃત્ય, પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

**(૧૦)** ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો,

આ કામે આંક–૯ વાળા બનાવવાળી સ્થાનિક જગ્યાનાં પંચનામાના પંચ સાહેદોને તપાસવામાં આવતા પંચનામામાં સહીઓ સિવાયની કોઇ હકિકત તેઓ જાણતા નથી. તેઓ દ્વારા પંચનામાઓની કોઇ હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય વિ.એપીપીશ્રી દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી. જેથી આ કામે બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું પુરવાર થતુ નથી.

આ કામે આંક–૧૧ વાળી ફરીયાદી વિષદભાઇ વિજયભાઇ ભેંસદડીયાની સોગંદ ઉપરની જુબાની તથા આંક–૧૧–એ વાળી ફરીયાદીની પોલીસ રૂબરૂની ફરીયાદ ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદીએ પોતાની ફરીયાદમાં એવુ જણાવેલ છે કે "અમોએ પીઠડ ગામના વાડી વિસ્તારનું વીજ

કનેક્શન બૈરાજબા સનુભા જાડેજા જેમનું વીજ બીલ બાકી હોય જેથી બૈરાજબા સનુભા જાડેજાના વીજબીલમાં દર્શાવેલ મોબાઇલ નંબર ૯૮૭૯૯ ૯૯૩૩૮ ઉપર સાડા અગિયારેક વાગ્યાની આસપાસ ફોન કરેલ તો તે નંબર સહદેવસિંહ સનુભા જાડેજાના હતા મે તેઓને કહેલ કે તમારા બૈરાજબા સનુભા જાડેજા નામના બે વીજબીલ બાકી છે તો અમો પીઠડ ગામે આવેલ છીએ તો તમે વીજબીલ ભરી જાવ તેમ કહેલ તો આ સહદેવસિંહ ફોનમાં એકદમ ઉંચા અવાજે મારી સાથે વાત કરવા લાગેલ અને કહેવા લાગેલ કે મારે એકેય બીલ ભરવુ નથી તમારે કનેક્શન કાપી નાખવુ હોય તો કાપતા જાવ અને શું રોજે રોજ ફોન કરો છો તેમ કહી જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપવા લાગેલ અને ફોન કાપી નાખેલ બાદ અમોએ પીઠડ ગૃપના ઇલેક્ટ્રીક આસીસ્ટન્ટ પી.એ.ભંગોરા તથા એ.પી. મુંદવાડાનાઓને બોલાવેલ અને તેઓ આવી જતા અમો બધા સહદેવસિંહની રસનાળ ગામના રસ્તે આવેલ વાડીએ ગયેલ". જ્યારે પોતાની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓએ જણાવેલ છે કે, " આથી ડીસકનેકશન લીસ્ટમાં બયરાજબા સનુભા નામની સામે દર્શાવેલ મો.નં.માં ફોન કરતા આ નંબર સહદેવસિંહ સનુભા જાડેજાનો હોય તેઓએ તેમના બે વીજ કનેકશનના વીજબીલના નાણા બાકી છે તેવુ જણાવેલ આથી તેઓ પીઠડ ગામમાં આવેલ છે. આપના વીજ કનેકશનના નાણા ભરપાઇ કરી જાવ તેવુ જણાતા સહદેવસિંહ સનુભા ઉગ્ર થઇ ભુંડાબોલી ગાળો બોલવા લાગેલા અને કહેવા લાગેલા કે શું રોજે રોજ ફોન કરો છો તેઓને એક પણ બીલ ભરવુ નથી ત્યારબાદ ફોન કપાઇ ગયેલ. ત્યારબાદ થોડા સમય પછી સહદેવસિંહના ફોનમાંથી મને ફોન આવેલ અને કહેવા લાગેલ કે તેઓના ધરમાં માજીને કોરોના થયેલ છે અને ધરની બહાર હોમ કવોરન્ટાઇનનું બોર્ડ લગાવેલ છે. આથી હુ મારા માજીના હાથથી નાણા અપાવુ છુ તેવી ધમકી આપેલ અને ત્યારબાદ ફોન કપાઇ ગયેલ. ત્યારબાદ થોડા સમય પછી ફરીથી સહદેવસિંહનો મારા પર ફોન આવેલ કે તમો રૂપિયા લેવા કેમ ન આવ્યા આથી મે તેમને જણાવેલ કે અમે ડીકનેકશન લીસ્ટમાં રસનાળ ગામના અન્ય નામો એટેન્ડ કરવા માટે જઇએ છીએ આથી પીઠડ

ગામમા આવેલ અન્ય ટીમ આપનો સંપર્ક કરશે. પરંતુ સહદેવસિંહ દ્વારા રૂપિયા લેવા તમો જ આવો તેવુ જણાવેલ અને કહેલ કે તો મારે રૂપિયા નથી ભરવા અને કનેકશન કાપી નાખજો. આથી મે તેમને કહેલ કે અમે કનેકશન કાપતા જઇએ છીએ. આથી તેમના દ્વારા ધમકી આપવામાં આવેલ કે હું જોવુ છુ કે તમે કેમ કનેકશન કાપો છો. ત્યારબાદ અમે અને પીઠડ ગામના અન્ય બે ઇલે.આસીસ્ટન્ટ શ્રી પી.એ.ભગોરા અને એ.પી. મુદવાડાને બોલાવી સહદેવસિંહની વાડીએ ગયેલ". ઉપરોક્ત બંન્ને હકિકતોમાં ઘણો બધો વિરોધાભાષ જણાઇ આવે છે. ફરીયાદમાં અલગ હકિકતો છે અને સોગંદ ઉપરની જુબાનીમાં અલગ હકિકતો જણાવેલ છે. વધુમાં સદર ફરીયાદી દ્વારા મુદ્દામાલ ઓળખી શકે નહી તેમ જણાવેલ છે. તેમજ આંક–૧૪ વાળી કોલ રેકોર્ડીંગ બાબતની અરજી પણ તેઓએ પરત ખેંચી લીધેલ છે. આ કામના આરોપીઓ પી.જી.વી.સી.એલ. ના ગ્રાહક ન હોવાનું તેઓએ સ્વિકારેલ છે. તેઓ દ્વારા આરોપીઓ વિરૂદ્ધ નામજોગ ફરીયાદ આપેલ છે તો આરોપીઓને કઇ રીતે અને કેટલા સમયથી ઓળખતા હતા તે હકિકત સામે આવેલ નથી. પોતાની ફરીયાદ તથા સોગંદ ઉપરની જુબાનીમાં જે વીજ કનેક્શન કાપવા માટે ગયેલ હતા તેનો ગ્રાહક નંબર જણાવેલ નથી કે બીલની કેટલી રકમ બાકી હતી તે હકિકત પણ જણાવેલ નથી. આમ, સદર ફરીયાદીના પુરાવામાં ઘણી તુટ હોય તથા વિરોધાભાષ હોય વિશ્વાસપાત્ર ગણી શકાય નહી. જેથી સદર સાહેદના પુરાવાથી આરોપીની તક્સીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આ કામે આંક–૨૨ થી પરેશભાઇ અમરાભાઇ ભગોરાને તપાસેલ છે જેઓએ પોતાની જુબાનીમાં તેઓ બનાવ સ્થળથી દુર હતા અને ત્યાં શું ચર્ચા થયેલી તેની તેઓને જાણ નથી. સદર સાહેદને વિ.એપીપીશ્રી દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી કોઇ પુરાવો આપેલ નથી. ઉલટતપાસમાં બનાવ અંગે કોઇ અંગત જાત માહીતી ન હોવાનું સ્વિકારેલ છે. જેથી સદર સાહેદના પુરાવાથી આરોપીની તક્સીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આ કામે આંક–૨૫ થી ધર્મેન્દ્રભાઇ ભવાનભાઇ ડામોરને તપાસેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં સહદેવસિંહે ફરીયાદીને બે લાફા મારી દીધેલાનું જણાવેલ છે જે હકિકત પોતાના નિવેદનમાં જણાવેલ નથી. જ્યારે તેઓ દ્વારા જણાવેલ છે કે પોલીસે તેઓનું નિવેદન ફરીયાદના દીવસે એટલે કે તારીખ ૨૭/૦૩/૨૦૨૧ના રોજ લીધેલ છે. તારીખ ૨૮/૦૩/૨૦૨૧ના રોજ નિવેદન લીધેલ હોઇ તેવુ બનેલ નથી. જ્યારે તપાસ કરનાર દ્વારા કામમાં રજુ કરેલ નિવેદન તારીખ ૨૮/૦૩/૨૦૨૧ના રોજનું લીધેલ છે. સદર સાહેદ ફરીયાદીના સહ કર્મચારી હોય તેઓને સમર્થનકારી પુરાવો આપે તે સ્વાભાવિક છે. જેથી સદર સાહેદના પુરાવાથી આરોપીની તક્સીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આ કામે આંક–૨૬ થી કેવલભાઇ દિલીપભાઇ મહેતાને તપાસેલ છે. તેઓએ પોતાની ઉલટતપાસમાં સ્વિકારેલ છે કે તેઓ સહદેવસિંહ કે ક્રિપાલસિંહને અગાઉ મળેલ નથી. તો તેઓ દ્વારા પોતાના નિવેદનમા આરોપીઓના નામ જણાવેલ છે તે કયા આધારે દર્શાવેલ છે તે જણાવેલ નથી. તેઓએ એ હકિકત પણ સ્વિકારેલ છે કે તેઓએ પોતાના નિવેદનમાં ગ્રાહક નંબર કે રેવન્યુ સર્વે નંબર જણાવેલ નથી. એ હકિકતનો પણ સ્વિકાર કરેલ છે કે કનેક્શન કાપવાનું કામ હેલ્પરનું છે. જ્યારે ફરીયાદી જુનિયર એન્જિનિયર હતા. સદર સાહેદ ફરીયાદીના સહ કર્મચારી હોય તેઓને સમર્થનકારી પુરાવો આપે તે સ્વાભાવિક છે. જેથી સદર સાહેદના પુરાવાથી આરોપીની તક્સીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આ કામે આંક–૩૨ થી તપાસેલ સાહેદ અશ્વિનભાઇ પુજાભાઇ મુંડવાડા તેઓ બનાવ વખતે તેઓ પોતાના ઘરે હતા બનાવ સ્થળે હાજર ન હતા. તેઓ હીયરસે વીટનેસ છે. તેઓએ બનાવ નજરે જોયેલ નથી. સદર સાહેદ ફરીયાદીના સહ કર્મચારી હોય તેઓને સમર્થનકારી પુરાવો આપે તે

સ્વાભાવિક છે. જેથી સદર સાહેદના પુરાવાથી આરોપીની તક્સીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આ કામે આંક–૩૬ થી તપાસેલ સાહેદ ડો. ભાવેશભાઇ મુરૂભાઇ ડાંગરનાઓએ પોતાની જુબાનીમાં ઈજા બાબતની હીસ્ટ્રી ફરીયાદીને પુછતા પીઠડ ગામે સહદેવસિંહ જાડેજા અને અજાણ્યા ઇસમે લાકડી વડે તેના હુમલો કરેલ હતો એવી હકિકત જણાવેલ છે. જ્યારે ફરીયાદીએ ફરીયાદમાં ક્રિપાલસિંહે બળતણનું લાકડુ મારેલ હોવાનું જણાવેલ છે. આમ બન્ને હકિકતોમાં વિરોધાભાસ જણાય છે. સદર સાહેદે પોતાની ઉલટતપાસમાં સ્વિકારેલ છે કે તેઓએ જણાવેલ ઈજા કોઇપણ કારણોથી થઇ શકે અને વ્યક્તિ પડી જાય તો પણ થઇ શકે. આમ, સદર સાહેદના પુરાવાથી આરોપીની તક્સીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આ કામે આંક–૫૧ થી તપાસ કરનાર અમલદાર રવિરાજસિંહ મહેન્દ્રસિંહ જાડેજાનાઓને તપાસેલ છે જેઓએ પોતાની તપાસ કામગીરી બાબતનો પુરાવો આપેલ છે. તેઓએ ઉલટતપાસમાં સ્વિકારેલ છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ ખેતીની જમીનો આવેલ છે અને ત્યાં ઘણા બધા માણસો ખેતીકામ કરતા હોય, બનાવવાળી જગ્યાએ રસનાળથી પીઠડનો ગાડામારગ આવેલ છે અને ત્યાં પણ માણસોની અવર જવર રહેતી હોય છે, તેઓએ પોતાની તપાસ દરમ્યાન જે સાહેદોના નિવેદનો લીધેલ છે તે તમામ પી.જી.વી.સી.એલ. ના કર્મચારીઓ છે, ફરીયાદી પણ પી.જી.વી.સી.એલ. ના કર્મચારી છે, પી.જી.વી.સી.એલ. કર્મચારી સિવાય કોઇ સ્વંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આમ, તપાસ કરનારની તપાસમાં ખામી જણાઇ આવે છે. આરોપીઓ સામે તટસ્થ પુરાવો રજુ કરવામાં તેઓ નિષ્ફળ નિવડેલ છે.

આ કામે આંક–૫૩ થી તપાસેલ તપાસ કરનાર અમલદાર પ્રકાશભાઈ દેવરાજભાઈ જરૂની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ તેઓ રૂબરૂ ફરીયાદીની ફરીયાદ લેવામાં આવેલ છે અને તેઓ દ્વારા આ કામના આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે એ સિવાય કોઇ કાર્યવાહી તેઓએ કરેલ નથી. તેઓ દ્વારા ક્યા પુરતા પુરાવા હતા તે બાબતે કોઇ સ્પષ્ટતા કરેલ નથી. જેથી સદર સાહેદના પુરાવાથી પણ આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આ કામે આરોપીઓ વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬ મુજબનો આક્ષેપ કરેલ છે તે બાબતે ફરીયાદી તથા સાહેદો પોતે સરકારી કર્મચારી છે તે દર્શાવવા કોઇ દસ્તાવેજી પુરાવો જેમ કે તેઓનું ઓળખકાર્ડ કે નિમણુંકપત્ર રજુ કરવામાં આવેલ નથી તેમજ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૯૫ મુજબની કાર્યવાહી કરવી જોઇએ.

For proving the charge of section 186 of IPC, there has to be fulfilment of the procedural requirement of section 195 of Cr.P.C as well. As per Section 195(1)(a)(i), the cognizance for offence under section 186 of IPC could be taken only upon the written complaint of public servant concerned or of some other public servant to whom he is administratively subordinate.

હાલના કામે ફરીયાદીએ પોતે એક સરકારી કર્મચારી હોય, તેઓની ફરજમાં આરોપીએ રૂકાવટ કરેલ હોવાની લેખિત ફરીયાદ આપવી જોઇએ. જે આપેલ નથી. તેઓ સરકારી ફરજમાં હતા તે બાબતનો પણ કોઇ પુરાવો રજુ થયેલ નથી. જેથી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬ મુજબના ગુનામાં આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૨નો આક્ષેપ છે. પરંતુ હાલના કામના આરોપીઓ દ્વારા ફરીયાદીને આવી કોઇ ઈજા કરેલ હોઇ તેવો સ્પષ્ટ, સ્વતંત્ર અને ચોક્કસ પુરાવો મળેલ નથી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ વંચાણે લેવામાં આવે તો ફરીયાદપક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષના શીરે છે. જે બોજાનું વહન કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. આરોપી વિરૂદ્ધ શંકા રહિત પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે. આ કામે ફરીયાદી પી.જી.વી.સી.એલ. ના કર્મચારી છે તથા સાહેદો પણ પી.જી.વી.સી.એલ. ના કર્મચારીઓ છે. જેથી સદર સાહેદો ફરીયાદને સમર્થનકારી પુરાવો આપે તે સ્વાભાવિક છે. આ કામે કોઇ સ્વતંત્ર સાહેદનો પુરાવો રજુ થયેલ નથી. ફરીયાદી તથા સાહેદોની જુબાનીમાં પણ પરસ્પર વિરોધાભાષ જણાઇ આવેલ છે. જેથી આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૨ મુજબના ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪નો આક્ષેપ છે. પરંતુ નામદાર ગુજરાત હાઇકોર્ટનાઓએ 2007 (1) G.L.H. 337, Pravinbhai Becherbhai Vankar and Ors. Versus State of Gujarat ના ચુકાદામાં ઠરાવેલ છે કે, In order to convict an accused under section 504 of Indian Penal Code the actual words used by accused must be coming on record by the prosecution from the mouth of the witness. The insult as envisaged in s.504 must not only be intentional but also thereby must give provocation to person insulted to break public peace or to commit any other offence. સદર કામે આરોપી દ્વારા ફરીયાદીને કઇ ગાળો આપેલ તે જણાવેલ નથી તથા આવી ગાળોથી તેઓને કોઇ ઉશ્કેરણી થઇ હોઇ તેવો પણ કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી આરોપીઓને ભારતીય દંડ

સંહિતાની કલમ–૫૦૪ મુજબના ગુનામાં આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આ કામે આરોપી વિરૂદ્ધ જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના ગુનાનો આક્ષેપ છે. પરંતુ તપાસ કરનાર અમલદારે અધિક જિલ્લા મેજી. સાહેબના હથિયારબંધીના જાહેરનામાની બહોળી પ્રસિદ્ધી કરેલ હોય તે અંગેના કોઇ પુરાવા રજુ કરેલ નથી. આમ ફરીયાદપક્ષ દ્વારા આરોપી વિરૂદ્ધ જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના આક્ષેપ મુજબનો ગુનો પુરવાર કરી શકેલ ન હોય આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય નહી.

આમ, રેકર્ડ પર આવેલ પુરાવા પરથી આરોપી સામેના તહોમતનામા મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થયેલ નથી. ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬, ૩૩૨, ૫૦૪, ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો સજા અને દંડને પાત્ર ગુન્હો કર્યાની હકિકતને સાબિત કરવામાં સફળ થયેલ ન હોય, મુદ્દા નંબર–૧નો ઉત્તર નકારમાં ઠરાવી મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

**૧.** આ કામના આરોપી (૧) સહદેવસિંહ સનુભા જાડેજા રહે. પીઠડ ગામ, તા.જોડીયા, જિ.જામનગર (૨) ક્રિપાલસિંહ સનુભા જાડેજા રહે. પીઠડ ગામ, તા.જોડીયા, જિ.જામનગર વાળાઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬, ૩૩૨, ૫૦૪, ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપીઓની હાજરી સહેલાઈથી મળી રહે તે સારુ આરોપીઓએ રૂ.૫૦૦૦/–ના જાત જામીન તથા મુચરકા રજુ કરવા તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

**૩.** મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૦૧લી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા

તારીખ:૦૧/૦૫/૨૦૨૬.

**(કુ.એમ.એચ.મકવાણા)**
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
જોડીયા, જિ.જામનગર
GJ01523

બી.કે.બળદા, ગુજ.સ્ટેનો.ગ્રેડ–૩